# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫ — રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ — કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ : ૧ 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા અવતરણો તથા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ અવતરણો તથા પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના અવતરણો તથા પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ પ્રશ્ન-૧ થી પ્રશ્ન-૭ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **ઉપાસના (૬૭ થી ૭૦)** અનંત પ્રકારની મોટપ તથા પરમપદ જે મોક્ષ, તે ભગવાનની ઉપાસનાના બળે પમાય છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી, એવો ભગવાન સ્વામિનારાયણનો અભિપ્રાય છે. 'ઉપાસના'નો પરંપરાગત અર્થ ભક્તિ કે ધ્યાન થાય છે, પરંતુ આ સંપ્રદાયમાં 'ઉપાસના'નો અર્થ અધિક ગહન, વિશિષ્ટ અને બોધસભર છે, 'ઉપાસના' એટલે યથાર્થ જ્ઞાન, અવિચળ નિશ્ચય અને દૃઢ શ્રદ્ધા-વિશ્વાસયુક્ત એકાંતિકી ભક્તિ. અર્થાત્ - ૧. પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મના સદા દિવ્ય સાકાર સ્વરૂપનું યથાર્થ જ્ઞાન. ૨. કેવળ પરબ્રહ્મ-પરમાત્મા જ ઉપાસ્ય, ધ્યેય, કેવળ કૃપાસાધ્ય, સર્વતંત્ર-સ્વતંત્ર, સર્વકર્તા, સર્વ કારણના કારણ, સર્વાધાર, સર્વોપરિ, ધારક, મોક્ષકારક મૂર્તિ (સ્વરૂપ) છે. અને એ જ પરમાત્મા પોતે આ પૃથ્વી પર પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા અખંડ પ્રગટ છે - એવો અવિચળ નિશ્ચય. ૩. પ્રગટબ્રહ્મને પ્રસંગે ત્રણ ગુણથી પર થઈ પોતાના આત્માની એકતા તે બ્રહ્મ સંગાથે કરી બ્રહ્મરૂપ થનાર મુમુક્ષુની આત્યંતિકી મુક્તિ અવશ્ય કૃપા-કરુણાએ તે પરમાત્મા કરે છે. અને મુમુક્ષુને પોતાના દિવ્ય, તેજોમય, અવિનાશી અને સુખમય અક્ષરધામને વિષે પોતાની અખંડ સેવા-ભક્તિનો અધિકાર તથા પરમાનંદને પમાડે છે, એવો દૃઢ શ્રદ્ધાયુક્ત વિશ્વાસ. આ ત્રણે મુદ્દાઓ ઉપર નિર્ભર અને તેમાંથી નિષ્પન્ન થતી માહાત્મ્યજ્ઞાનયુક્ત એકાંતિકી ભક્તિ. આ છે ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત 'ઉપાસના'નો અર્થ. **(૧)** વળી, 'ઉપાસના'ના અર્થ સંબંધી નિષેધાત્મક આવશ્યકતાઓ દર્શાવતા શ્રીજીમહારાજ કહે છે : ભગવાનને નિરાકાર સમજે એ તો પંચમહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. (ગ.મ.૩૯ અને ગ.પ્ર.૭૧) **(૨)** ભગવાન છે તે કરચરણારદિક સમગ્ર અંગે સંપૂર્ણ દિવ્યમૂર્તિ છે. તેને અરૂપ અર્થાત્ સર્વગુણ-આકાર-અવયવ રહિત કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે. અને એવો મનુષ્ય ચંદનપુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે. (વર. ૨) **(૩)** એ જ પ્રમાણે સર્વાવતારી પરબ્રહ્મને નિરાકાર જાણે કે બીજા અવતાર જેવા જાણે તો તેનો દ્રોહ કર્યો કહેવાય. (ગ.મ.૯) **(૪)** તેમજ, સર્વ કર્તાહર્તા ભગવાનને અવગણીને વિશ્વના કર્તા-હર્તા કાળને, માયાને, કર્મને કે સ્વભાવને જાણીએ તો એ પણ ભગવાનનો અતિદ્રોહ કર્યો કહેવાય. (વર. ૨) **(૫)** માટે શ્રુતિ (ઉપનિષદો) માં નિર્ગુણ-નિરાકાર કહ્યા હોય ત્યાં માયિક ગુણો અને માયિક (પ્રાકૃત) કરચરણાદિકનો નિષેધ સમજવો, પરંતુ સદાય દિવ્યગુણો અને દિવ્ય આકૃતિ સહિત ભગવાનને સમજવા. (ગ.પ્ર.૪૫) **(૬)** કારણ કે, જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર, તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે, પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી. વળી ભક્તિ અને ઉપાસના વચ્ચેનો ભેદ દર્શાવતાં તેઓ કહે છે : ''श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यम् आत्मनिवेदनम् ॥'' એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ અને ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરે પણ

પોતાની ઉપાસનાનું ખંડન થવા દે નહિ. એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.' (ગ.પ્ર.૪૦) (૭) તથા પોતાના ઉપાસ્ય પરબ્રહ્મ-ભગવાન પ્રતિ સ્વામી-સેવકપણું ટળે નહિ તેની કાળજી રાખે. (કારિ.૧૦ પ્રમાણે)

૨. **ભક્તિ અને શરણાગતિ (૭૮ થી ૮૩) (૧)** પરમેશ્વરને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિશય સ્નેહ, તે ભક્તિ જાણવી. (શિક્ષા-૧૦૩) **(૨)** અને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ..... પરિપૂર્ણ સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય... ને જાણે-અજાણે બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ કપાળમાં બળબળતો ડામ દે, ને જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે. (ગ.પ્ર. ૪૪) **(૩)** માટે હેત (સ્નેહ) તો જેમ દેહ ને દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે કરવું. એ હેતને મૂઢપણાનું હેત કહીએ. (ગ.પ્ર. ૫૭) **(૪)** પરંતુ, પરમેશ્વરને વિષે જે પ્રીતિ હેત કરવું તે આત્મસત્તારૂપ રહીને કરવું. કારણ કે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી, એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ.પ્ર. ૪૩) **(૫)** આવી રીતે હેત કરનારાએ ચોવીસ તત્ત્વ થકી પોતાના જીવાત્માને પૃથક્ જાણવો. પંચઇન્દ્રિયની વૃત્તિઓને વિષયમાંથી ઉખેડી નાંખીને જીવસત્તાપણે રહીને નિર્ગુણપણે જેટલું હેત ભગવાનમાં થાય તેટલું કરવું. કારણ કે એવી રીતે જે ભગવાનમાં હેત કરે, એ જ શ્રીહરિને ગમે છે. (પં. ૩) **(૬)** ભગવાનનું માહાત્મ્ય જાણીને હેત થાય, તે સર્વોત્તમ છે. (પં.૩) **(૭)** કારણ કે માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે..... અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં સર્વે આવે છે... (અને) એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.(સા.૫) **(૮)** આવા ભક્તિવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. (ગ.પ્ર. ૨૬) **(૯)** તેને ભગવાન સંબંધી જ પંચવિષય હોય છે. જગત સંબંધી પંચવિષયમાં અતિશય અભાવે યુક્ત વર્તે છે. તેથી તે સાચા અર્થમાં રસિક ભક્ત કહેવાય છે. (ગ.પ્ર. ૨૬) **(૧૦)** પતિવ્રતા સ્ત્રીની માફક તેનું મન, પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ. ૬૨ ને ગ.અં. ૨૬ પ્રમાણે) **(૧૧)** તેને ઈષ્ટદેવને વિષે સીતાજીની માફક નિર્દોષપણાની દૃઢ નિષ્ઠા હોય છે. એવી ભક્તિવાળો સર્વે ચરિત્રોને વિષે પોતાના ઈષ્ટદેવને નિર્લેપ, નિર્દોષ અને દિવ્ય જુએ છે. (ગ.અં. ૧૧ ને ગ.મ. ૧૦ પ્રમાણે) **(૧૨)** ભક્તિવાળો કુસંગ, દેહાભિમાન ને સ્વભાવનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે ભક્તિ કરે છે. ઈર્ષ્યાથી, હરીફાઈ કરવા, સારું દેખાડવા, લોક ને રીઝવવા, બીજાને પાછા પાડવા કે વખાણ માટે ભક્તિ કરવી નહીં, કેવળ પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે જ ભક્તિ કરવી. (ગ.મ. ૪૧, ગ.અં. ૬ને ૩૩) **(૧૩)** ''બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'' (ભક્તિનિધિ- ૪૪/૭) **(૧૪)** માટે પ્રગટની ભક્તિ સર્વોપરિ છે અને એ જ જીવનમુક્તિની અપાવનારી છે. આવી ભક્તિ, શ્રીહરિના અખંડધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને પ્રસંગે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ સિદ્ધ થાય છે. **(૧૫)** મુક્તિ ભક્તિએ કરીને છે. અહીં 'ભક્તિ' શબ્દે કરીને 'એકાંતિકી ભક્તિ' એવો અર્થ લેવાનો છે, કારણ કે 'આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્ય અને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય, આત્મનિષ્ઠા (જ્ઞાન) તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો ધર્મ, આત્મનિષ્ઠા (જ્ઞાન) ને વૈરાગ્ય અતિશય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિ થકી ભક્તિને વિષે વિશેષ છે, તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી.... માટે ધર્માદિક અંગે સહિત (એકાંતિકી) ભક્તિ કરવી.'' (ગ.મ. ૩૨) **(૧૬)** વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિના સાધનચતુષ્ટયવાળો એકાંતિક ધર્મ (એકાંતિકી ભક્તિ) ઉપદેશીને ભગવાન સ્વામિનારાયણે ભગવદ્ગીતામાં ઉપદેશેલા ચારે માર્ગોનું પ્રતિપાદન કર્યું છે. નીતિ સદાચાર પર આધારિત નિત્યકર્મ, નૈમિત્તિક કર્મો, વિશેષ ધર્મો, સ્વધર્મ ઇત્યાદિ ધર્મ દ્વારા કર્મમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. આત્મનિષ્ઠા અર્થાત્ - પાંચ ભેદો અને બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપના યથાર્થજ્ઞાન દ્વારા જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. સદ્-અસદ્‌ના જ્ઞાનમાંથી પરિણમતા વૈરાગ્યનું પ્રતિપાદન કરીને ત્યાગ અને અનાસક્તિની ભાવનાને પોષી છે. તેણે કરીને કર્મમાં બંધન થતું નથી, ફળની આશા પ્રધાન થતી નથી અને સર્વે કર્મો પરમેશ્વરની આજ્ઞા માની પરમેશ્વરને પરમ લક્ષ્ય રાખીને થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાં છતાં નિવૃત્તિ અને નૈષ્કર્મ્યની સિદ્ધિ થાય છે. **(૧૭)** આ રીતે વૈરાગ્ય દ્વારા અનાસક્તિમાર્ગનું અને યોગમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિને લીધે બ્રહ્મરૂપ થઈ પરમેશ્વરમાં પ્રીતિ કરાય છે. સર્વે વૃત્તિ, પ્રવૃત્તિ અને પદાર્થ પરમેશ્વરને ચરણે ધરી દેવાથી આત્મનિવેદી થવાય છે. સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પરમેશ્વરમાં લીનતા (સ્નેહૈક્ય) થાય છે. પરમેશ્વર વરેણ્ય થાય છે. આ રીતે ભક્તિમાર્ગનું પ્રતિપાદન પણ કર્યું છે. **(૧૮)** આ સંપ્રદાયમાં શરણાગતિનો મહિમા છે; પરંતુ શરણાગતે શરણાગતિ ગ્રહણ કર્યા પછી કંઈ જ કરવાનું નહીં અને બધું જ પરમાત્માએ કરવાનું, એવું નથી સ્વીકાર્યું, સદ્‌ગુરુ દ્વારા પરમાત્માની શરણાગતિ સ્વીકારી, સંપ્રદાયમાં શામિલ થઈ અધ્યાત્મ માર્ગ ગ્રહણ કરનાર મુમુક્ષુજનનાં બધાં જ પાપ, ભય, દોષ, ત્રાસ, ઇત્યાદિથી રક્ષા પરમાત્મા કરે છે; પરંતુ

શરણાગતે પરમેશ્વરની મોક્ષપ્રદ કૃપા પામવા માટે પરમેશ્વરની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને આજ્ઞાનુસાર કર્મો કરવાં જ પડે છે. ભગવાનનો દૃઢ આશ્રય, મનના માનેલા ધર્મોનો પરિત્યાગ, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તન, રક્ષાના કરનારા કેવળ ભગવાન જ છે એ મહાવિશ્વાસ અને ભગવાન સિવાય કોઈની પાસેથી કાંઈ સુખ ન ઈચ્છનારો - ભગવાનનો શરણાગત અનન્ય ભક્ત કહેવાય છે. (વ.પ) **(૧૯)** અને આવો માહાત્મ્યજ્ઞાને યુક્ત શરણાગત, ભગવાન અને તે ભગવાનના અખંડ ધારક સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે. (લો. ૩) **(૨૦)** તથા પોતાનું સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગ અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. (ગ.મ. ૬૧) **(૨૧)** એવા શરણાગત પર પરમાત્મા વરેણ્ય થઈને, પોતાના કૃપા-અનુગ્રહ દ્વારા મુક્તિ આપે છે. પોતાના ધામમાં, પોતાની સેવામાં નિત્ય નિવાસ આપે છે. **(૨૨)** હા, એ ખરું છે કે, પરમાત્મા જો પોતે જ અતિકૃપા-કરુણાથી પ્રસન્ન થઈ કોઈ પ્રપન્નને સીધો જ (સાધન માર્ગમાંથી પસાર થયા વગર પણ) પરમપદ આપવા ઈચ્છે તો આપી શકે છે અને આપે પણ છે. આ વસ્તુ પરમાત્માની કૃપા-કરુણાનું અધિકપણું સૂચવે છે, અને નહિ કે પ્રપન્નનો સીધો જ પરમપદનો અધિકાર. **(૨૩)** પોતાના આશ્રિત ભક્તજનને અંતકાળે સ્વધામ તેડી જવા ભગવાન પોતે દિવ્ય દેહે મુક્તો-પાર્ષદોસહ આવે છે. એવું પરમાત્માનું વરદાન છે. આ હકીકત સંપ્રદાયના હરિભક્તોએ અનુભવમાં નિહાળેલી અને સિદ્ધ થયેલી જોઈ છે. તેથી શ્રદ્ધા અને વિશ્વાસથી તેઓ માને છે કે સત્સંગીની અવગતિ ક્યારેય થતી નથી. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં જ હોય છે.

૩. **સાધના (૭૦ થી ૭૩)** અન્ય વેદાંત દર્શનોની માફક સ્વામિનારાયણ વેદાંતમાં પણ મુક્તિ પ્રાપ્ત કરવાના સાધના માર્ગમાં યોગ, ધ્યાન અને સમાધિ, અર્થાત્ અષ્ટાંગ-યોગનો સ્વીકાર કર્યો છે, પરંતુ આ બાબતમાં પણ અભિગમ તદ્દન, ભિન્ન, મૌલિક અને સર્વગ્રાહી બનાવવાનો રહ્યો છે. મુક્તિ માટે આવશ્યક એવી નિર્વિકલ્પ સમાધિની સિદ્ધિ કરવાના બે ઉપાયો છે : **(૧)** એક તો 'પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે.... અને પ્રાણને નિરોધે કરીને જે ચિત્તનો નિરોધ થાય છે તે તો અષ્ટાંગયોગે સિદ્ધ કરીને થાય છે. તે અષ્ટાંગયોગ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - એ આઠ અંગ તેણે યુક્ત છે. ને એનું ફળ તે ભગવાનને વિષે નિર્વિકલ્પ સમાધિ છે. તે જ્યારે એવી નિર્વિકલ્પ સમાધિ થાય છે ત્યારે પ્રાણને નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે.' (ગ.પ્ર.૨૫) પરંતુ આ માર્ગ અતિશય કઠિન છે. આ સર્વગ્રાહી અને સરળ નથી. આને માટે તો ગોપાળાનંદ સ્વામી જેવા સિદ્ધમુનિ જેવી ધીરજ, શક્તિ અને પ્રયાસની જરૂર છે. જ્યારે **(૨)** બીજો પ્રકાર એ છે જે 'ચિત્તને નિરોધે કરી પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય અને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય, ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ... (આ પ્રમાણે) જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને પણ ચિત્તનો નિરોધ થાય છે. માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો.' (ગ.પ્ર.૨૫) આ ઉપાય સૌથી સરળ, ટૂંકા માર્ગરૂપ અને સર્વગ્રાહી છે. તેને માટે માહાત્મ્યનું જ્ઞાન, અને ભક્તિ જરૂરી છે. **(૩)** ટૂંકમાં ઉપાસના અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિવાળા એકાંતિકધર્મની સિદ્ધિથી અષ્ટાંગયોગ માટે આવશ્યક એવો 'ચિત્તવૃત્તિનિરોધ' સિદ્ધ થાય છે અને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય છે. તેથી જ કહ્યું છે : 'અષ્ટ આવરણ યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણ ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' (લો.૧૨) **(૪)** અને આ પ્રકારે 'અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.' (ગ.પ્ર.૪૦) **(૫)** અહીં અષ્ટાંગયોગની સિદ્ધિનો ક્રમ ઉલટાવીને, એનું એ જ 'ચિત્તવૃત્તિનિરોધ દ્વારા નિર્વિકલ્પ સમાધિ' સિદ્ધ કરવાનું ધ્યેય મુમુક્ષુમાત્ર માટે સરળ અને સહજપ્રાપ્ય બનાવ્યું છે. સ્વામિનારાયણીય સાધનામાર્ગની આ એક આગવી વિલક્ષણતા છે. તદ્ઉપરાંત, શ્રીજીમહારાજે તેમનાં વચનામૃતોમાં મુક્તિ મેળવવામાં સહાયરૂપ મુખ્ય સરળ સાધનો નીચે મુજબ બતાવ્યાં છે. : **૧.** ભગવાનની ઉપાસના, નામસ્મરણ અને ચરિત્રગાન, ભગવાનની મૂર્તિનો આશ્રય અને દૃઢ ધર્મપાલન. (ગ.મ.૩૫) **૨.** આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસત્વભક્તિમાંથી એક અંગ દૃઢ કરવું. **૩.** સત્સંગ સંબંધી જે સર્વે વર્તમાન તેને ખબરદાર થઈને પાળવા. (અમ.૫) **૪.** ત્રીસ લક્ષણે યુક્ત એવા જે (બ્રહ્મસ્વરૂપ-પરમએકાંતિક) સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય. (વર.૪) આવા સાધુનો આશ્રય કરવા તો તે થકી જીવનું કલ્યાણ થાય છે. (વર.૧૦) **૫.** ભગવાન ને ભગવાનના

ભક્તનો અવગુણ લેવો નહીં અને લેતો હોય તેનો સંગ રાખવો નહીં. (ગ.અં.૧૧) **૬.** નિષ્કામી વર્તમાન દૃઢ રાખવું તેનાથી ભગવાન સાથે આ લોક-પરલોકમાં અવશ્ય મેળાપ રહે છે. એ જ એમને વહાલો છે. એના પરથી ભગવાનને હેત ઓછું થતું નથી. (ગ.મ.૩૩) **૭.** ભગવાનની આજ્ઞા અને ઉપાસના જીવનમાં દૃઢ રાખવી અને સ્વધર્મમાં રહીને ભગવાનની ભક્તિ કરવી. **૮.** આત્મા-અનાત્માનો વિવેક કેળવવો. પોતાના અવગુણો-દોષો જોવા અને ટાળવા. ભગવાનના ભક્તમાં ગુણ જોવા અને તેને ગ્રહણ કરવા. **૯.** માન, દંભ અને ઈર્ષ્યા રહિત ભક્તિ કરવી. **૧૦.** ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરવો. **૧૧.** ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. સર્વાવતારી પરબ્રહ્મ ભગવાનને અવતારાદિક જેવા કે તેથી ઊતરતા જાણવા અથવા તેમને નિરાકાર જાણવા - એ એમના સ્વરૂપનો દ્રોહ છે. પંચ મહાપાપથી પણ મોટું પાપ છે. **૧૨.** અનાસક્તિરૂપ વૈરાગ્ય કેળવવો. નિષ્કામપણે સત્સંગ કરવો. **૧૩.** પાંચે ઇન્દ્રિયોના આહાર શુદ્ધ રાખવા - પંચવિષય જો ભગવાનના સંબંધવાળા હોય તો જ ભોગવવા. **૧૪.** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ સાધનચતુષ્ટયમાંથી નિષ્પન્ન થતાં એકાંતિક ધર્મની સિદ્ધિ કરી એકાંતિક ભક્તિ કરવી - એ મુખ્ય સાધન છે.

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. ઉત્પત્તિ સર્ગ (૪૯ થી ૫૩) (૧)** પ્રકૃતિ સ્વયં, પોતાની મેળે સૃષ્ટિ-સર્જન કરવાની ક્ષમતાશક્તિ ધરાવતી નથી. પરંતુ પરબ્રહ્મ પરમેશ્વરના સંકલ્પથી તેમની અધ્યક્ષતા-પ્રશાસનમાં રહીને તે સૃષ્ટિ સર્જે (ઉત્ક્રાંતે) છે. **(૨)** ઉત્પત્તિ સમયે પરબ્રહ્મ-પુરુષોત્તમ સંકલ્પ કરી અક્ષરબ્રહ્મ સામી દૃષ્ટિ કરે છે, ત્યારે અક્ષરધામમાંથી એક અક્ષરમુક્ત પરમેશ્વરની ઇચ્છાએ કરીને સૃષ્ટિરૂપ સેવા કરવા તૈયાર થાય છે. તે સમયે પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીને, તે દ્વારા એ અક્ષરપુરુષ (અક્ષરમુક્ત) ને વિષે પ્રવેશ કરે છે. **(૩)** ‘આ અક્ષરપુરુષને ‘બ્રહ્મ’ કહે છે, ‘મુક્ત’ કહે છે ‘મૂળપુરુષ’ કહે છે, ‘મહાપુરુષ’ પણ કહે છે. બહુધા શાસ્ત્રમાં આને જ પુરુષોત્તમ તરીકે વર્ણવેલ છે. - ગ.પ્ર. ૧૨ અને ગ.મ. ૩૧ **(૪)** આમ પરબ્રહ્મ, પુરુષરૂપે થઈને (પુરુષ દ્વારા) મૂળ પ્રકૃતિ (મહામાયા)ને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયાના ત્રણ ગુણોની સામ્યાવસ્થા વિચલિત થાય છે. **(૫)** આ રીતે પુરુષ (મૂળપુરુષ/અક્ષરાત્મક પુરુષ) અને પ્રકૃતિ (મૂળ પ્રકૃતિ)ના સાન્નિધ્ય માત્રથી અને પ્રેરકશક્તિથી અનંત ‘પ્રધાન+પુરુષ’નાં જોડેલાં અનંત બ્રહ્માંડોના સર્જન અર્થે ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૧૨) પ્રત્યેક ‘પ્રધાન+પુરુષ’નાં જોડલાંમાંથી દેવલોક, દૈત્યલોક, અને સ્થાવર-જંગમ-સૃષ્ટિયુક્ત મનુષ્યલોકવાળું, ચોવીસ તત્ત્વોનું બનેલું એક બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૪૧ અને ગ.પ્ર. ૧૨) **(૬)** ઉત્પત્તિની વાત સુંદર રૂપકથી ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે : ‘‘જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર-એ સર્વે અનાદિ છે. માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે. તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે, ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે.’’ (ગ.અં. ૧૦) **(૭)** ટૂંકમાં સર્વ સૃષ્ટિની પહેલાં એક પરમાત્મા જ હતા અને સર્વ સૃષ્ટિના પ્રલયને અંતે પણ તે એક જ રહે છે. (ગ.પ્ર.૫૬) પરમાત્મા, પોતાનું ધામ જે અક્ષર અને મુક્તો આ ત્રણ નિત્ય નિરંતર હતા, છે ને રહેશે, કારણ કે તે સર્વે કાળ-માયાથી પર છે.

**ઉત્પત્તિસર્ગની મીમાંસા ચાર મુદ્દાઓ સ્પષ્ટ કરે છે : (૧)** પરબ્રહ્મ-પરમાત્મા જ જગતનું નિમિત્ત કારણ છે, કારણ કે તેમના સંકલ્પ, પ્રેરણા અને પ્રવેશથી જ ઉત્પત્તિ શરૂ થાય છે. વળી, જગતનું ઉપાદાન કારણ પણ પરબ્રહ્મ-પરમાત્મા જ છે, કારણ કે પરમાત્માના શરીરના એક દેશમાં જીવેશ્વરોની લીનતા કરીને રહેલી માયા-પ્રકૃતિમાંથી જ અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. અર્થાત્ વ્યક્ત થાય છે. **(૨)** ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત કાર્યકારણ સિદ્ધાંત એટલે ‘પરબ્રહ્મ પ્રશાસિત પ્રકૃતિ-પરિણામવાદ.’ કારણ કે પરબ્રહ્મના સંકલ્પમાત્રથી જ પ્રકૃતિને પુરુષનો સંયોગ અને વિયોગ અનુક્રમે સૃષ્ટિ તથા પ્રલય અર્થે થાય છે. આને સત્કાર્યવાદ પણ કહી શકાય. માયા (પ્રકૃતિ) સત્ છે. માયાનું કાર્ય જગત પણ સત્ છે. (પરંતુ પરિવર્તનશીલ અને નાશવંત છે.) સત્ એવા પરબ્રહ્મની સંકલ્પશક્તિનું પુરુષદ્વારાએ માયા-પ્રકૃતિનું પરિણામ છે. પરબ્રહ્મ ચિદ્ (ચેતન) અને અચિદ્ (જડ)માં વ્યાપીને રહ્યા છે. આમ, પરમેશ્વર સર્વકારણના કારણ છે. **(૩)** સર્જન પ્રક્રિયા કોઈપણ પ્રકારના દબાણ, ફરજ કે કેવળ લીલા(રમત)ને ખાતર પરબ્રહ્મ શરૂ કરતા નથી. પરંતુ અતિશય કરુણાયુક્ત, કૃપાપ્રસાદથી પ્રેરાઈને જીવોના કલ્યાણ કરવાના ઉચ્ચ હેતુથી જ પરબ્રહ્મ જગતને સર્જે છે. અનાદિકાળથી ભટકતા બદ્ધ જીવોને માયાકૃત ઉપાધિમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈ, અવિદ્યા-જન્મમરણથી નિવૃત્તિ પામી પૂર્ણત્વ, પરમાનંદ અને પરમેશ્વરના ધામમાં નિત્ય નિવાસ કરવાની તક મળે, એવા શુભ હેતુથી પરમેશ્વર જગતની સૃષ્ટિ કરે છે. તે જ પ્રમાણે જ્યારે નાનાપ્રકારની સંસૃતિથી જીવો થાકે છે ત્યારે તેમની વિશ્રાંતિને અર્થે પ્રલય કરે છે. (કા. ૧ને

આધારે) મહાસૃષ્ટિ અને મહાપ્રલય (આત્યંતિક પ્રલય) કેવળ પરબ્રહ્મ-પરમાત્માની ઈચ્છા સંકલ્પ પર અવલંબે છે, અને નહીં કે કોઈ નિશ્ચિત કાળ-ગણના પર. (૪) પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ - આ બંને ઉત્પત્તિ અર્થે સીધા જ પ્રકૃતિ સાથે જોડાયેલા નથી. (પ્રકૃતિ સાથે મૂળપુરુષ અર્થાત્ અક્ષરાત્મક પુરુષ જોડાય છે.) વળી, ઉત્પત્તિ અર્થે પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને (પરિવર્તન પામીને અંશોમાં વિભાજિત થઈને) જીવો તથા ઈશ્વરો રૂપે થતાં નથી. (ગ.પ્ર. ૪૧ અને ગ.મ. ૩ને આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થતો નથી. (ગ.પ્ર. ૧૩)

૨. **ઈશ્વર (૫૩ થી ૫૬)** (૧) ઈશ્વર ચૈતન્યધર્મ યુક્ત ભિન્ન તત્ત્વ છે. (૨) ઈશ્વરનું ચૈતન્યધર્મપણું જીવ કરતાં વિશેષ છે અને ચડિયાતું છે. (૩) ઈશ્વરો અસંખ્યાત છે. એકબીજાથી ભિન્ન છે. (૪) જીવ અને ઈશ્વર વચ્ચે ખદ્યોત-તારા જેટલો ભેદ છે. ચૈતન્યપણું, ધર્મભૂતજ્ઞાન અને સર્વજ્ઞપણું ઈશ્વરનાં લક્ષણો છે. (૫) ઈશ્વરની સત્તા અને જ્ઞાનશક્તિ જીવ કરતાં વધુ છે. (૬) ઈશ્વર, જીવથી સ્વતંત્ર, ભિન્ન અને પર છે, પરંતુ માયા, અક્ષરમુક્ત, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મથી નિમ્ન છે. (૭) ઈશ્વરો પરબ્રહ્મને આધીન, પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય અને પરબ્રહ્મ આગળ અતિ-અસમર્થ છે. (૮) ઈશ્વરનાં દેહમાં રહેલ પંચભૂત મહાભૂતો છે. વિરાટ, સૂત્રાત્મા અવ્યાકૃત - એ ત્રણ ઈશ્વરનાં શરીર છે અને ઈશ્વર તેના શરીરી છે. ઈશ્વરો સર્વે મહામાયાથી બદ્ધ છે, મહાકારણ દેહથી યુક્ત છે. વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત-એ ઈશ્વરની દેહરૂપ માયા છે. (કા.૧૨) (૯) ઈશ્વરની સ્થિતિ પ્રકૃતિનાં અષ્ટ આવરણની અંતર્ગત છે. પ્રલયકાળે ઈશ્વરો પણ પ્રકૃતિમાં (મૂળ પ્રકૃતિમાં) લીન થઈ (લય પામી) જાય છે. (૧૦) ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય-એ ત્રણ ઈશ્વરની અવસ્થા છે. ઈશ્વરો પણ જીવની માફક માયાથી (મહામાયાથી) વેષ્ટિત છે. (૧૧) ઈશ્વરની આવરદા જીવની અપેક્ષાએ ઘણી લાંબી અને વિસ્તરિત છે. (૧૨) ઈશ્વર સર્વજ્ઞ છે, અર્થાત્ ઈશ્વરની જ્ઞાતૃત્વશક્તિ પોતાના દેહ ઉપરાંત જે બ્રહ્માંડનું કાર્ય તેને સોંપાયું હોય તે બ્રહ્માંડવ્યાપી છે. (૧૩) ઈશ્વરનું સર્વજ્ઞપણું જે બ્રહ્માંડ પર તેનું આધિપત્ય ચાલતું હોય તેના પૂરતું સીમિત છે. (૧૪) ઈશ્વર પોતાના પ્રશાસન હેઠળના બ્રહ્માંડમાંથી જેવો દેહ (રૂપ) ધારણ કરવો હોય અને જ્યાં પ્રકાશવું હોય ત્યાં તેવા દેહથી પ્રગટ થઈ શકવાનું ઐશ્વર્ય-સામર્થી ધરાવે છે. (૧૫) ઈશ્વરો સર્વેને પુરુષ (મૂળ પુરુષ)ની ઉપાસના છે. (૧૬) ઈશ્વરને મોક્ષાર્થે પૃથ્વી પર ભગવાન કે ભગવાનના ધારક સંતના સાન્નિધ્યમાં મનુષ્ય દેહ ધરીને સેવા સમાગમ કરવા આવવું પડે છે. તેને સત્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી, પોતાની આવરદા પૂરી થયે પુરુષોત્તમની ભક્તિ-ઉપાસનાના બળે કરીને તે ભગવાનના પરમ ધામને પામે છે. (ગ.મ.૩૧, કા.૧૨, ગ.મ.૧૦, સા.૫,૬, ગ.પ્ર.૭) (૧૭) ઈશ્વર કહેતાં વિરાટપુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ છે ને તે અષ્ટ આવરણે યુક્ત છે. (ગ.મ. ૩૧) (૧૮) આમ, વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે, એમ કહેવાય. (કા.૧૨) (૧૯) એ વિરાટપુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે.. અને જ્યાં સુધી એ ત્રણની ઉપાસના કરે છે ત્યાં સુધી તેને તે માયાનો સંબંધ તે ટળતો નથી. અને જ્યારે એ નિર્ગુણ એવા જે વાસુદેવ ભગવાન (અક્ષરાતીત પુરુષોત્તમ) તેની ઉપાસના કરે છે ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે. (ગ.મ.૩૧) (૨૦) વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનું અન્વયપણું છે. (ગ.પ્ર.૭) (૨૧) વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું. (સા.૫) (૨૨) એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે. (ગ.પ્ર.૭) (૨૩) અને પિંડ-બ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. (સા.૫) જીવને માયાનો સંબંધ છે, તેમ ઈશ્વરને પણ (મહા) માયાનો સંબંધ છે. બંને બદ્ધ છે. ઈશ્વર માયાના ભોગને ભોગવીને પ્રલયકાળ વખતે માયાનો ત્યાગ કરી શકે છે, તેથી ત્યાગ કરે છે, જ્યારે જીવ તો માયાના ભોગ ભોગવીને, દુઃખી થઈને માયામાં જ પાછો લીન થાય છે; પરંતુ પોતાની મેળે માયાનો ત્યાગ કરી શકતો નથી. જીવ તથા ઈશ્વર આ બંનેના પ્રકાશક તથા બંનેમાં અંતર્યામીરૂપે વ્યાપીને પરબ્રહ્મ પરમાત્મા રહ્યા છે. પ્રધાનપતિ-પુરુષ, મહાવૈરાજ, મહાવિષ્ણુ, વિરાટથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો તથા ઈન્દ્રિયો-અંતઃકરણના દેવતા અને સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વરુણ ઈત્યાદિ સર્વે દેવદેવીઓનો ઈશ્વરકોટિમાં સમાવેશ થાય છે.

૩. **શ્રીમુખે સર્વાવતારીપણાની ઓળખ (૩૬ થી ૩૮)** સ્વ-સ્વરૂપનું સર્વોપરિપણું કૃપાએ કરીને શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે : (૧) આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે. અને પોતે તો અવતારી છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અમ.૬) (૨) ''માટે, ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'' (ગ.મ.૯) (૩) ''જે તેજને વિષે (અક્ષરધામને વિષે) મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો.'' (ગ.મ.૧૩) (૪) ''અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમ વિષે લીન થાય છે.'' (ગ.મ.૧૩) (૫) ''માટે, સર્વ થકી પર એવું જે પુરુષોત્તમનું ધામ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું... સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ,

સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગૌલોક અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું? તો, મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે.'' (અમ.૭) (૬) ''અને એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન તે જે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વેજનના નયનગોચર વર્તે છે. અને તમારા ઈષ્ટદેવ છે. ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. ને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વે કારણના પણ કારણ છે, ને સર્વોપરિ વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે.'' (ગ.અં.૩૮)

૪. **સાંપ્રદાયિક માન્યતા - પરંપરા (૮૭ થી ૮૯)** (૧) આ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ)ને પરમ ઈષ્ટદેવ તરીકે - સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ (પરબ્રહ્મ) તરીકે અને તેમના પરમહંસ શિષ્યોમાંથી પ્રમુખ શિષ્ય પરમ આદર્શ ઉત્તમ ભક્તરાજ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ અક્ષરબ્રહ્મના મૂર્તિમંત સ્વરૂપ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તેથી આ સંપ્રદાયમાં પણ અન્ય વૈષ્ણવ સંપ્રદાયોની માફક ભક્તે સહિત ભગવાનની ભક્તિ ઉપદેશી છે. તે જ કારણથી આ સંપ્રદાય 'સ્વામિનારાયણ સંપ્રદાય', 'અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય', તથા તેનું તત્ત્વજ્ઞાન 'નવ્ય-વિશિષ્ટાદ્વૈત' તથા 'બ્રહ્મ-પરબ્રહ્મવાદ' તરીકે પણ ઓળખાય છે. (૨) હા, એ ખરું છે કે, આ સંપ્રદાયની ઉપાસના બ્રહ્મરૂપ થઈને સદા-સાકાર પરબ્રહ્મની સેવાભક્તિ કરવાનું ઉપદેશે છે, કારણ કે જે મુમુક્ષુ ગુરુને સંગે આદર્શ ભક્ત અક્ષરબ્રહ્મ તુલ્ય થાય છે તે જ મોક્ષ પામી, પરમધામમાં પરબ્રહ્મ-પુરુષોત્તમની નિત્યસેવામાં સ્થાન પામે છે. આમ 'અક્ષરધામમાં એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની જ ઉપાસના છે. (વેદરસ-૧૫૦) (૩) પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પરથી અંતર્ધાન થયા પછી તેમણે તેમનું પ્રગટપણું તેમના શિષ્ય અક્ષરબ્રહ્મનો અવતાર ગુણાતીતાનંદજીમાં નિવાસ કરીને જારી રાખ્યું. ત્યારબાદ ઉત્તરોત્તર પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંત (સદ્‌ગુરુ) દ્વારા તેમનામાં અખંડ નિવાસ કરીને મુમુક્ષુઓના મોક્ષ કરવારૂપ પોતાનું કલ્યાણકારી કાર્ય ભગવાને જારી રાખ્યું છે. (ગ.પ્ર. ૫૪, પં.૭) (૪) અને ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના કહ્યા છે એટલા સર્વે અર્થ પ્રાપ્ત થાય છે અને આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (ગ.અં. ૨) (૫) માટે એવા પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંતનું શરણું લઈને, તેમને ગુરુ કરીને તેમની સેવા-સમાગમ દ્વારા મુમુક્ષુજન બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બની શકે છે અને છતી દેહે મોક્ષને પામી શકે છે. વર્તમાનકાળે આ સંપ્રદાયની ગુરુપરંપરામાં પરબ્રહ્મના અખંડ ધારક, પરમ એકાંતિક, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી શ્રી નારાયણસ્વરૂપદાસજી વિદ્યમાન છે. તેમના દ્વારા હાલમાં આ સંપ્રદાયનો વિકાસ, ઉત્કર્ષ તથા મુમુક્ષુઓની આધ્યાત્મિક ઉન્નતિનું તથા જીવોને બ્રહ્મરૂપ કરી તેમની આત્યંતિકી મુક્તિ કરવાનું કાર્ય ચાલુ છે.

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

**પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ (૧૭ થી ૨૧) :-** (૧) પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના એ ભક્તની ભક્તિ કરું છું.' (ગ.મ. ૨૮) તથા 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ..... એવા યથાર્થ ભગવાનના એ ભક્ત છે. તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. એવા મોટા છે.' (ગ.પ્ર. ૩૭) (૨) અને 'આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને એ જો કોઈ કાળે દેહ ધરે, તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે. તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો.' (અમ. ૨) માટે એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા.૧૦) એવા સંતને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને ભગવાનનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (વર. ૧૧) (૩) વળી જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપહરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) માટે આવા સંતના

હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે, એમ જાણવું અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરાબર પાપ લાગે છે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (ગ.અં. ૩૫) **(૪)** એવાં ત્રીશ લક્ષણે યુક્ત સાધુમાં, ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા એવા ભગવાનના ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ આવેલ હોય છે. તેથી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચાહે સો કરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે (ગ.પ્ર. ૭૭ અને ગ.પ્ર. ૬૬) અને એ ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવા સમર્થ થતા નથી. (કા. ૮) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિ ને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) એવા ભક્તે માયિક પંચવિષયને તુચ્છ કરી નાંખ્યા હોય છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સાથે જ દૃઢપણે જોડાયા હોય છે. એવા ભક્ત જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના નથી રહેવાતું, તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર પણ ભગવાન છેટા રહેતા નથી. (કા. ૧૧) એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા અને એવા સંત તો મનુષ્ય છે, તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) મુક્તાનંદ સ્વામી પણ શ્રીહરિના આ જ શબ્દો વ્યક્ત કરે છે : 'મેરો હી સર્વસ્વ સોઈ.' **(૫)** આવા સંત તો સ્વાભાવિકપણે જ બ્રાહ્મીસ્થિતિમાં અહોનિશ રહેતા હોય છે. તે જ સાચા સદ્‌ગુરુ છે. તે જ મુમુક્ષુ માટે ગુરુ અને ઉપદેષ્ટા છે. તે જ ભગવાનની હૃદ્‌ગત રુચિ અભિપ્રાયના જાણનારા છે, કારણ કે એવા સંતથી ભગવાન ક્યારેય જુદા રહેતા નથી. આ જ મુદ્દો આગળ ધરતાં શ્રીહરિ કહે છે : 'ગુરુ પરમહંસ આઠ પ્રકારે કરીને સ્ત્રીના ત્યાગી છે, તેમ જ દ્રવ્યના ત્યાગી છે. એવા જે સંત, તે સંતને હરિ જેવા જાણવા, ગોવિંદ જાણવા. એવા જે સંત તે જ ગુરુ છે ને તે જ ગોવિંદ છે અને તે જ હરિ છે'. શ્રીહરિના આ જ ઉપદેશને આધારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે એવા સંત તો 'હરિ સમ સબ દુઃખહારી' છે. માટે એવા સંતમાં જીવ જોડી તેમની મન, કર્મ, વચને સેવા કરી લેવી, કારણ કે તેમની સેવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત તુલ્ય થઈ જવાય છે. (વર. ૫) એવા એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ રાખીને નિષ્કપટભાવે ભગવાનના ચરણકમળને ભજવાથી, ભગવાનના સ્વરૂપને વિષેની માયિક દૃષ્ટિ મટે છે. (પં. ૭) **(૬)** આવા પરમ એકાંતિક સંતનો મહિમા પોતાની માતા ભક્તિદેવીને સમજાવતાં શ્રીહરિ કહે છે : दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा सद्यः पुंसामधौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् । प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं तेषां मातः! प्रसङगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥ - હે માતા ! એવા સંતનું કોઈ મુમુક્ષુ એક વખત પણ આદરપૂર્વક દર્શન, સ્પર્શ કે પરિચર્યા કરે, અથવા એક વખત પણ ભાવપૂર્વક તેને ભોજન કરાવે કે તેનું પૂજન-વંદન કરે, તો તેના અનંત જન્મના પાપપૂંજનો સમૂળો નાશ તત્કાળ થઈ જાય છે. શ્રીહરિકૃષ્ણ કહે છે કે, એવા સંત તો મારા હૃદયતુલ્ય છે. એવા સંતનાં ચરણમાં સર્વ તીર્થો નિવાસ કરીને રહે છે. તેમનાં ચરણ પડે તે ભૂમિ તીર્થરૂપ થઈ જાય છે. માટે એવા સાધુના પ્રસંગ થકી મુમુક્ષુ માટે કઈ ચીજ દુર્લભ છે ? કોઈ જ સિદ્ધિ દુર્લભ નથી. ઊલટાનું, એ મુમુક્ષુને સર્વે સિદ્ધિ અને નિઃશ્રેયસ કહેતાં આત્યંતિક મુક્તિ પણ સરળતાથી મળે છે. **(૭)** માટે 'ઇન્દ્રિયો રૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બુઠ્ઠી થઈ જાય, તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે. તે દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામે, એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય, તે ઠેકાણે જાણવું.... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય, ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.' (સા. ૭) કારણ કે, 'મોટા એકાંતિક સાધુ દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે. તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે. જેમ ગાયના આંચળમાંથી જ દૂધનું સુખ આવે છે તેમ. તેથી જ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ટાંકીને શ્રીહરિ કહે છે, કે એવા સાધુ પાસે તો 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે'. (ગ.મ. ૪૭) **(૮)** આટલો બધો મહિમા કહેવા પાછળનો ઉદ્દેશ એટલો જ છે કે આવા સંતને સંગે જ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. નિર્દોષ થવાય છે, નિર્વાસનિક થવાય છે. આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે અને ભગવાનનો જેમ છે તેમ નિશ્ચય થાય છે. માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય, એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) અને એવા 'મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.' (ગ. પ્ર.૫૮)

('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**૧. તિલક ચાંદલો શું છે ? તે કરવાથી શું લાભ થાય ?**

**તિલક-ચાંદલો શું છે ? (૨૦ થી ૨૩) :-** તિલક કહો કે ચાંદલો કહો, પૂર્વકાળમાં તો એ એક સૌંદર્યપ્રતીક પ્રસાધન હતું. માનવી જાતજાતની રંગબેરંગી માટીના રંગોથી ટીલાં ટપકાં કરતો, મુખ્યત્વે કપાળ પર, જે સુંદરતામાં અભિવૃદ્ધિ કરતું. આથી જ કોઈપણ વ્યક્તિ પ્રત્યે આદર દર્શાવવા-પૂજન કરવા તેના કપાળમાં તિલક અથવા ચાંદલો કરવામાં આવતો. રાજા ગાદી પર બેસે ત્યારે તેની પૂજા કરી તેને પણ ચાંદલો કરવામાં આવતો, જેને પાછળથી રાજતિલક કહેવામાં આવતું. વર્તમાન આધુનિક યુગમાં પણ વ્યક્તિ પોતાને કંઈક વિશેષ સાંપડ્યું છે, વિશેષ પ્રાપ્તિ થઈ છે અને એ પોતાનું સદ્‌ભાગ્ય છે, એ દર્શાવવા જુદાં જુદાં પ્રતીકોનો સહારો લે છે. લાયન્સ, રોટરી કે અન્ય ક્લબના સભ્ય હોવું એ મોભો ગણાય, સદ્‌ભાગ્ય ગણાય. એ વ્યક્ત કરવા લાયન્સ ક્લબનો બિલ્લો વ્યક્તિ હોંશે હોંશે શર્ટ પર કે કોટ પર પહેરે છે. રાજકીય ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા વ્યક્ત કરવા કોંગ્રેસીઓ ખાદી પહેરશે, તો ભા.જ.પ.ના પ્રતિનિધિઓ કેસરી ટોપી ધારણ કરશે. પરદેશમાં પોતાની મનપસંદ રમતટુકડી(ટીમ)ના નામથી અંકિત અથવા તે ટુકડીના ચિહ્‌નથી અંકિત શર્ટ-ટીશર્ટ-કેપ-બેલ્ટ-જોડા વગેરે છોકરાઓ રાજીખુશીથી પહેરે છે. સમાજમાં સ્ત્રીને યોગ્ય પતિ મળે એ એનું સારું ભાગ્ય-સૌભાગ્ય ગણાયું છે. સારો પતિ મળ્યાના હર્ષમાં સ્ત્રી પોતાના કપાળમાં ચાંદલો કરતી. ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન પણ તેના સ્વામી છે. સ્વામીની પ્રાપ્તિના હર્ષમાં ભક્ત પણ પોતાના કપાળમાં ચાંદલો ધારણ કરે છે. ભક્ત દાસત્વભાવે પ્રભુની સેવા કરે છે. ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્‌ન એટલે જ તિલક-ચાંદલો. મસ્તક એ વ્યક્તિનું આત્મગૌરવ છે. વિચારોમાં, બુદ્ધિમાં જ તો વ્યક્તિનું વ્યક્તિત્વ સમાયેલું છે. અન્ય પ્રતિ આદર વ્યક્ત કરવા માનવી તેને પોતાનું મસ્તક નમાવે છે. મહાન વ્યક્તિનાં ચરણોમાં મસ્તક મૂકે છે. ભક્ત પોતાનું મસ્તક પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દે છે. આથી પ્રેમની સમર્પણભાવનાવશ ભક્ત પ્રભુનાં ચરણોની છાપ પોતાના કપાળમાં (બુદ્ધિમાં ભગવાનનો વાસ થાય તો શુભ વિચારો થાય એ ભાવનાથી), બળસૂચક બાહુઓ પર (ભુજામાં ભગવાન વસે તો સત્કાર્યો થાય એ ભાવનાથી) તથા પ્રાણના આધાર સમા હૃદય પર (હૃદયમાં ભગવાન વિરાજે તો શુભ ભાવનાઓ ધબકે એ હેતુથી) અંકિત કરે છે. આમ, વિચાર, ભાવના અને કર્મના શુભ હેતુ માટે ચાર સ્થાને તિલક-ચાંદલો કરવામાં આવે છે. આ જ છે ભક્તિ સંપ્રદાયોનાં તિલક. પ્રત્યેક સંપ્રદાયમાં આ તિલક કરવાની પદ્ધતિ જુદી જુદી છે, તથા તિલક-દ્રવ્યમાં પણ વિવિધતા છે. કોઈ સફેદ માટીથી કરે, કોઈ રક્તવર્ણી કરે તો કોઈ ભસ્મથી પણ તિલક કરે છે. ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્‌ન એટલે તિલક-ચાંદલો. ભગવાનને સમર્પિત થયાનું ચિહ્‌ન એટલે તિલક-ચાંદલો.

**તિલક-ચાંદલો કરવાથી શો લાભ ? :-** તિલક-ચાંદલો દાસત્વ વ્યક્ત કરે છે. આથી અંતરમાં 'હું ભગવાનનો દાસ છું.' એનું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે. નમે તે પ્રભુને ગમે. પ્રભુને ગમે તે સૌને ગમે. વળી, ભગવાનની નાની મોટી આજ્ઞાઓ પાળવાનું પણ સતત જાણપણું રહે. કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ભગવાન અન્ય વ્યકિતઓમાં રહીને પણ આપણને સન્માર્ગે વાળે. આથી જીવનમાં ખોટું કામ કરતાં આપણે સહેજે અટકીએ છીએ, નૈતિક બળ વધે છે. દુર્જનો આપણને ભક્ત જાણીને જાતે જ દૂર રહે છે. આથી ખોટી સોબતથી સહજપણે બચી શકાય છે. લોકલાજ તૂટે છે. ભગવાનના ભક્તપણાની અસ્મિતા જાગૃત થાય છે. હિંમત પ્રગટ થાય છે. આથી ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે. આત્મબળ પ્રગટે છે અને ભગવાનના આશરાનું બળ પણ પ્રગટ થાય છે. લોકમાં પણ આ જ હેતુથી વિશેષ જવાબદારી બજાવતી વ્યક્તિઓને અમુક જ પહેરવેશ પહેરવાની ફરજ પાડવામાં આવે છે. દા.ત. પોલીસ, નર્સ, જજ વગેરે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, નર્સને સફેદ વસ્ત્રોથી સેવાની ભાવના વધી જતી નથી, જજને કાળા કોટથી ન્યાયબુદ્ધિ વધતી નથી, પણ એમને પોતાની જવાબદારીનું ભાન રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ દાસત્વભાવનું, ભક્તપણાનું સતત જાણપણું આપતું લાભદાયક ચિહ્‌ન છે.

**૨. બાળકના હેતુપૂર્ણ અભ્યાસ માટે માતાપિતાની જવાબદારી (૬૬ થી ૬૮)** (૧) શાળામાંથી સોંપાયેલું ઘરકામ બાળક પાસે કાળજીપૂર્વક કરાવવું. (૨) ઘરકામ લેતી વખતે બાળક સાથેનું તમારું વર્તન દમદાટીભરેલું નહીં પણ હેત, કોમળતા અને સહાનુભૂતિભર્યું હોવું જોઈએ. (૩) ઘરકામ બાદ સમય હોય તો કંઠસ્થનું પુનરાવર્તન કરાવવું. (૪) આપના બાળકની બુદ્ધિનું સ્તર ચકાસીને તે મુજબ જ તેની પાસેથી અપેક્ષા રાખવી જોઈએ. વધુ પડતી અપેક્ષાથી આપને અને બાળકને બંનેને નુકસાન છે. (૫) બાળક કયો વિષય સહેલાઈથી શીખી શકે છે અને કયા વિષયમાં તે નબળું છે તેની જાણ આપને હોવી જોઈએ. નબળા વિષયમાં તેનો રસ વધે તે માટેના પ્રયત્નો આપે કરવા જોઈએ. (૬) બાળકને ભણવામાં રસ ન હોય તો તેનાં કારણો શોધો. નિષ્ણાતોને મળી તેનો ઉકેલ આણો. (૭) શાળામાં શિક્ષક પ્રત્યે આદર

વધે એવી વાતો બાળકને કરો. (૮) આપનું વર્તન એવું હોવું જોઈએ કે જેથી બાળકને અભ્યાસની અને સંસ્કારની પ્રેરણા તેમાંથી મળતી રહે. (૯) ઘરનું વાતાવરણ એવું રાખો કે બાળકને અભ્યાસમાં રુચિ થાય પણ તેના અભ્યાસને અવરોધે નહિ. અભ્યાસના સમયે ટીવી, રેડિયો, ટેપરોકોર્ડર વગેરે બંધ રાખો. (૧૦) બને ત્યાં સુધી ટ્યૂશનના પ્રલોભનથી બાળકને દૂર રાખો. શાળાનું શિક્ષણ, બાળકનો પુરુષાર્થ અને આપની સંભાળ - એ ત્રણ બાળકના અભ્યાસ માટે પૂરતાં છે. (૧૧) બાળકે કરેલા સારા કાર્યની પ્રામાણિક કદર કરો અને તેના ઉચ્ચ ધ્યેય તરફ ગતિશીલ બને તેનું સ્મરણ કરાવતા રહો. (૧૨) બીજાની હાજરીમાં બાળકને ક્યારેય ઉતારી પાડશો નહિ. તેનું હૃદય ઘવાય તેમ તેની નિંદા ક્યારેય કરશો નહિ. (૧૩) બાળકને સતત ઉત્સાહ મળતો રહે તેવી હિંમતભરી વાતો કરો. શિક્ષણની મહત્તા સમજાય તેવા મહાપુરુષોનાં દૃષ્ટાંતો કહો. (૧૪) પરીક્ષા સમયે બાળક હિંમત હારી ન જાય તેની ખાસ કાળજી રાખો. (૧૫) બાળકનાં વિશિષ્ટ કળા-કૌશલને ખીલવો અને તેના રસને પોષો. (૧૬) બાળકને પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવો. અભ્યાસ કરવા બેસતાં પહેલાં તેને પ્રાર્થનાની ટેવ અવશ્ય પાડો. (૧૭) તમારી આર્થિક ભીંસમાં તમારા બાળકને આવકનું સાધન ક્યારેય ન બનાવશો. કમાણીનો બોજ તેના શિરે ન નાંખો. (૧૮) બાળકના અભ્યાસની તક છીનવી લઈ તેના ભાવિને અંધકારમય ન બનાવશો. (૧૯) તમારું બાળક હઠ પકડે, રમત કરે, ઘરકામ અધૂરું મૂકે, રડે, તોફાન કરે એ વખતે ધીરજ રાખો. પ્રેમથી પ્રોત્સાહન આપો. હઠ બાળકનો સ્વભાવ હોય તો પ્રેમ માતા-પિતાનો સ્વભાવ હોવો જોઈએ.

**(વિભાગઃ ૨ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪**

**ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/ પાના નંબર દર્શાવે છે.**
**(૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજે કરાવેલી પ્રગટ અક્ષરધામની ઓળખાણ.**

૧. કચ્છના હિરજીભાઈને કલ્યાણના માર્ગમાં અક્ષરધામની અને પ્રગટ સ્વરૂપની કરેલ વાત. ૪/૨૨૫-૨૨૭
૨. લોયા શાકોત્સવ સમયે પોષી પૂનમના દિવસે મહારાજે કહેલી સ્વામીની મહત્તા. ૪/૨૬૩
૩. જુઓ અમારા તિલક 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવો કોઈ સાધુ નથી !' ૪/૨૭૯-૨૮૦
૪. આ વાત સમજ્યે જ છૂટકો છે. ૪/૩૩૬-૩૩૭
૫. અમે સ્વયં અમારા ધામ સાથે બોચાસણમાં બેસીશું. ૫/૮-૯
૬. 'એમના તો અમે નિરંતરના જામીન છીએ.' ૫/૧૯૩-૧૯૪
૭. આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ તમને બક્ષિસ આપીએ છીએ. ૫/૨૦૭-૨૦૮
૮. અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૫/૨૫૨-૨૫૩
૯. મહારાજ સ્વામીનું ગાદી-તકિયાથી સન્માન કરે છે. જોક તમારી મોટપ ગાદી-તકિયાથી નથી પણ અનાદિની છે. ૫/૨૫૩
૧૦. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી એ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ, વચને રાખજો તો તમે સૌ બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. ૫/૨૫૬-૨૫૭
૧૧. સ્વામી ! તમારાં દર્શનથી શાંતિ થઈ ગઈ ! - ગઢપુરમાં માંદગી સમયે. ૫/૩૯૬
૧૨. એવો વખત આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું આપણે ક્યાં જુદા છીએ ? ૫/૪૦૧
૧૩. મીઠાં વ્હાલા કેમ વિસરું...... ૫/૪૨૫
૧૪. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ? - અંતિમ માંદગીમાં ગોપાળાનંદ સ્વામીને. ૫/૪૨૬
૧૫. અમારા અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીનું તમે વિશેષ ધ્યાન રાખજો. - ગોપાળાનંદ સ્વામીને અંતિમ આદેશ. ૫/૪૨૭
૧૬. હું તો તમારામાં અખંડ રહ્યો છું. - દિવ્ય દેહે સ્વામીને. ૫/૪૩૬થી૪૩૮

**૨. મંદિર નિર્માણમાં વ્યક્ત થતી શ્રીહરિની સેવાભાવના**

૧. અમદાવાદ મંદિર નિર્માણમાં સેવા કરનાર કુબેરભાઈ તથા અંબારામને મહારાજે પાઘડી બંધાવી, દુપટ્ટાઓ આપ્યા અને સોનાની બે સેરની કંઠી બંનેને પહેરાવી આશીર્વાદ આપ્યા. ૪/૩૨૦
૨. 'અમેય ભીડામાં આવ્યા છીએ.' મહારાજે વરતાલ મંદિર નિર્માણ માટે રાજુબા પાસે કરેલી નાણાંની માંગણી. ૪/૪૪૬-૪૪૭

૩. વરતાલ મંદિરનો પાયો ગળાતો હતો ત્યાં પોતે જાતે બેસતા અને મહારાજ કહેતા, 'આ તો સાક્ષાત પુરુષોત્તમ નારાયણની સેવા છે. તે સેવામાં આપણો શ્રમ કામ આવી જાય તે આપણી ભક્તિ !' ૪/૪૪૭-૪૪૮
૪. વરતાલ મંદિરમાં પાયામાં પૂરવાની ઈંટો ઈંટવાડામાંથી પાયામાં નાખવા માટે મહારાજ જાતે માથે ઉપાડી ને લાવ્યા. 'અમને પણ ભક્તિનો લહાવો મળે ! અમે આ સેવા કરીએ એટલે આ સેવારૂપી ભક્તિનો મહિમા વધે.' ૪/૪૪૯
૫. 'આ ગારો નથી પણ ચંદન છે.' વરતાલ મંદિર નિર્માણમાં સેવા કરતા સંતોને મહારાજ મળતા. ૪/૪૪૯
૬. બ્રહ્માનંદ સ્વામીની મંદિર નિર્માણમાં ઉત્સાહિત થઈ સેવા કરવાની અને ઈષ્ટદેવનો મહિમા વધારવાની ભાવના જોઈ મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'તમારા કાર્યમાં કોઈ વિઘ્ન નહીં આવે !' ૪/૪૫૧-૪૫૨
૭. વરતાલ મંદિરનું અધૂરું કાર્ય ચાલતું હતું ત્યારે મહારાજ કડિયાને ચૂનાનું તગારું આપે છે, 'જ્યારે દેહથી ભગવાનની ભક્તિ થાય, ત્યારે દેહ સાર્થક થયો કહેવાય !' મહારાજના ઉદ્‌ગાર. ૫/૨૦૩-૨૦૪
૮. મહારાજ ઈંટો માથે ઉપાડે છે. નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને તે ઈંટો માંગે છે. ગંગામાએ પણ મહારાજ પાસે તે સેવા માંગી. ૫/૨૦૪
૯. વરતાલમાં હરિભક્તોએ સંતો પાસે મજૂરી કરાવવાની ના પાડી. ત્યારે મહારાજે તેમને સમજાવ્યું, 'દેવસેવા એ મજૂરી નથી, પણ ભક્તિ છે. તે પ્રકારની ભક્તિ કરવાથી દેહભાવ ઘસાઈ જાય છે.' ૫/૨૦૫
૧૦. ગઢપુર મંદિરના નિર્માણ સમયે પથ્થરના ગાડાંમાંથી સંતો, પાર્ષદો પથ્થર ઉતારતા હતા. તે વખતે એક સંત માળા કરતા હતા. મહારાજે તેમને કહ્યું, 'મહાપુરુષ ! દેવની આવી સેવા મૂકીને લાકડાં શું તાણો છો ?' ૫/૨૫૮-૨૫૯
૧૧. 'મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો નાખશે તેને પણ અમે તેડવા આવીશું.' મહારાજના ઉદ્‌ગાર. ૫/૨૫૯
૧૨. ગઢપુર મંદિરના નિર્માણ વખતે જે ઘેલામાં નહાવા જાય તેણે પાયામાં પથ્થર નાખવા એક પથ્થર લેતા આવવાની મહારાજની આજ્ઞા. પોતે પણ લાવતા. ૫/૨૬૦
૧૩. મંદિરના ચણતરમાં આવતા એકે એક પથ્થરને પ્રસાદીનો કરતા. ૫/૨૬૦
૧૪. 'મંદિર નિર્માણ વખતે કોઈ ધનથી, તનથી, વસ્તુઓથી કે નાણાં આપીને જે સેવા કરે તે સૌનું અમારે કલ્યાણ કરવું છે.' મહારાજ - દાદાખાચરને. ૫/૨૬૩
૧૫. ઘેલા કાંઠે પથ્થર તોડતા સંતોને કુંડળના ભોજા ભગતે મદદ કરી પથ્થર તોડી આપ્યો તેથી મહારાજે તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ૫/૨૬૪
૧૬. રિસાયેલા રત્ના કડિયાને શબ્દ પ્રસંશાથી મહારાજે કામ પર ચડાવ્યો. ૫/૨૬૫
૧૭. ગઢપુર મંદિર નિર્માણ વખતે પણ ચૂનાનાં તગારાં કડિયાને આપતા. ૫/૨૬૬
૧૮. કોઠારમાં દોકડોય ન હતો. ઉમરેઠના હરિભક્તોની સેવા - 'હરિભક્તો તો સારા હોય પણ સાધુ થકી સમજે તો અમારી રુચિ સમજાય.' ૫/૨૬૭
૧૯. રૂડાભાઈ મહારાજના કહેવાનો મર્મ ન સમજ્યા અને બળદ અને ગાડું ન આપ્યા. તેથી અંતરમાં સેવા ન થઈ તેની બળતરા થઈ. ૫/૨૬૮

**૩. શ્રીજીમહારાજની હરિભક્તો પ્રત્યેની આત્મીયતા.**

૧. કેશાબા ! અમે જમીને નીકળીશું, પણ માણકીને લઈ આવો. ૪/૭૯
૨. અમારા જેવા પામર જીવોના મોક્ષનું શું ? સુજાનબાની વિનંતી. આખા આદરજ ગામના લોકોનો અમે મોક્ષ કરીશું - મહારાજનો જવાબ. ૪/૮૩
૩. જતનબાનું દૂધનું દોણું મહારાજ ખાલી કરે છે. ૪/૯૩
૪. કરજીસણમાં ગોવિંદભાઈ અને નાનાભાઈની પાંચ વીઘાંની વાડીનો બાજરો લણ્યો. ૪/૯૪
૫. આ સુરાખાચરની ભૂખ ભાંગો. વિચરણમાં ફરતા સુરાખાચરે મહારાજને પૂછ્યું હતું આજે જમવાનું ક્યાં મળશે ? ૪/૧૬૬-૧૬૭
૬. અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ - દેવજી ભક્ત માટે. ૪/૧૮૧-૧૮૨
૭. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : મહારાજ ! આપની મૂર્તિ સિવાય એમના અંતરમાં બીજું કાંઈ જ નથી. અમારે દાદાની, તેના કુટુંબની, તેના ગરાસની ચિંતા રાખવી પડે છે - મહારાજ ૪/૧૯૩
૮. કદાચ સો બસોનાં માથાં વધેરાઈ ગયાં હોત તો પણ દાદાની રક્ષા માટે એ ઓછું ન હતું. - મહારાજ. (દાદાનો ગરાસ લઈ લેવા જીવાખાચર છેલ્લો દાવ રમ્યા ત્યારે.) ૪/૧૯૬
૯. દાદાને તો અમારાં રખવાળાં છે. ૪/૧૯૭
૧૦. અમે આવી રીતે કોઈને સામા જઈને લેતા નથી. - મહારાજ. (દીવ બંદરના પ્રેમીબાઈની ભેટ સ્વીકારતી વખતે) ૪/૨૩૫
૧૧. તમે વર્તમાન લોપ્યા ને ? કેવળ કંઠી બાંધ્યે સત્સંગી થઈ જવાતું નથી. (સૂરાખાચરના બળદ ચોરાયા ત્યારે) ૪/૨૪૪

૧૨. અમારા હરિભક્તો એ અમારા નાના દીકરા છે. (કૂડકપટિયા હરિભક્તો નહીં તરે એવું કણબીએ કહ્યું ત્યારે) ૪/૨૪૫-૨૪૬
૧૩. મહારાજ નેતરાં તાણે છે. ૪/૨૫૩
૧૪. લોયામાં મહારાજમાં મનુષ્યભાવ આવતાં પાછા વળેલા કાનદાસને દિવ્યસ્વરૂપનાં દર્શન, સમાધિ - મહારાજનો નિશ્ચય. ૪/૨૬૨
૧૫. દહીં પણ નથી કર્યું અને છાશ પણ નથી કરી, પરંતુ અમારે તમારી પાસે કરાવવું હતું તે કરાવી લીધું. - અમરા ખાચરના ઘરનું દુ:ખ દૂર કર્યું. ૪/૩૯૫
૧૬. ભૂજ નગરના હરિભક્તોનાં કુટુંબીજનો, તેમનાં બાળકો બધાયનાં નામ લઈને મહારાજે સૌને યાદ કર્યાં. ૪/૪૦૦
૧૭. આ ભક્તનો ભાવ બરછટ નથી. બહુ જ સુંવાળો છે - હરિભક્તે જાડી ઊનનો બરછટ ધાબળો ઓઢાડ્યો ત્યારે. ૪/૪૦૮
૧૮. હિમરાજ શાહ ધામમાં ગયા. તેમનું કારજ કરવા પધાર્યા. ૪/૪૩૧
૧૯. પ્રસાદીનાં વસ્ત્રો હિમરાજ શાહના પરિવારને આપે છે. ૪/૪૩૩
૨૦. અમારું બિરુદ જાળવવું પડે ! સૂરાખાચરને ઘેર અચાનક પધાર્યા. ૪/૪૪૩
૨૧. તમારી વૃત્તિએ અમને ખેંચ્યા - મૂળીમાં રાજુબાને. ૪/૪૪૪
૨૨. જીવનું પોષણ અમારા સંબંધથી છે. - મૂળીમાં રાજુબાને. ૪/૪૪૫
૨૩. અમેય ભીડામાં આવ્યા છીએ. - રાજુબાને. ૪/૪૪૬
૨૪. તમારા દર્શનની અમને તાણ્ય હતી - કારિયાણીના વસ્તા ખાચર ગઢપુર આવ્યા ત્યારે મહારાજ કહે છે. ૪/૪૫૬
૨૫. વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. ૪/૪૫૯
૨૬. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહિ. ૪/૪૬૨
૨૭. આવાં સો સો પલાણ ને વસ્ત્રો ભગા દોશી ઉપર ઘોળ્યા કરી નાખીએ એવા એ ભગત છે. - ભગાદોશીની ખબર કાઢવા જતી વખતે - અમને સંભારતા હતા ને અમે આવી ગયા ! ભગા દોશીને - આડસર કોરે રહી નથી ગયું. ૪/૪૬૭થી૪૬૯
૨૮. મહારાજ અરદેશર કોટવાલને પાઘ આપે છે. - તમારાં ઘર તીર્થ બની જશે. - મહારાજ. ૫/૫૦
૨૯. તમે ધ્યાન ન રાખ્યું તો પોષાક જામીનગીરીમાં આપવો પડ્યો. - મહારાજ જેતલપુર જમીને જ જાય તે માટે ગંગામા મહારાજનો પોષાક ઘેર લઈ ગયા ત્યારે. ૫/૯૨
૩૦. તેમનું આ ઋણ અમે ક્યારે ચૂકવી શકીશું - જીવુબાએ મંદિર માટે સોનાના કડાં આપ્યાં ત્યારે. ૫/૨૬૨-૨૬૩
૩૧. અતિ મોટા અક્ષરધામમાં ઝીણાભાઈને મોકલીએ. ૫/૨૮૭
૩૨. મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી. ૫/૨૮૮
૩૩. અમારે મન તો તમે ઝીણાભાઈને ઠેકાણે જ છો. - મહારાજ દાદાભાઈને. ૫/૨૮૯
૩૪. બાપુ ! ચિંતા ન કરશો. તમારું કલ્યાણ અમે કરશું - ગઢડા જીવાખાચરના અંત સમયે મહારાજ. ૫/૨૯૧

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજની વડોદરાના દીવાન પ્રત્યેની અજાતશત્રુતા.**

૧. રાજ્યસભામાં દીવાનની ગેરહાજરી - મલિનદેવોના ચાર ઉપાસકો સાથે મંત્રણા - હાજર થયા - શ્રીમંત સરકારનો હુકમ - મહારાજનો ઉપદેશ - દીવાન અવાક. ૫/૧૪૬-૧૪૭
૨. સ્વામિનારાયણને જીવતા પકડવા મુશ્કેલ. ૫/૧૪૮
૩. માંત્રિકોના મલિન પ્રયોગો અમને કંઈ કરી શકશે નહિ. ૫/૧૪૯
૪. મહારાજને મારવા ત્રણ હબસી મોકલે છે. - પકડાયા - શ્રીમંત સરકારની દીવાનને બરતરફ કરવાની તૈયારી - મહારાજની ના. ૫/૧૫૦
૫. ફરી રાજ્ય કચેરીમાં - અમારું અહિત કરવાના સંકલ્પોમાં પણ અમારા સ્વરૂપનું તેમણે ધ્યાન કર્યું છે. ૫/૧૫૪-૧૫૫
૬. જે બ્રહ્મબીજ નથી તે લાખ અશ્વમેઘ યજ્ઞો કરે તો પણ બ્રાહ્મણ બની શક્યો નથી-મહારાજનો દીવાનને ઉપદેશ. ૫/૧૫૫
૭. મહારાજ દીવાનને પોશ ભરીને સાકર આપે છે. ૫/૧૫૬
૮. મહારાજને પકડવા દીવાન છેલ્લો પાસો ફેંકે છે. ૫/૧૬૨
૯. હાથી ઝૂકે કે તરત માણકી તૈયાર રાખજો. ૫/૧૬૪-૧૬૫
૧૦. મહારાજ માણકી ઉપર બેસી વીજળી વેગે રવાના થઈ ગયા. ૫/૧૬૫

**૨. સુરાખાચરનો આપત્કાળ અને શાકોત્સવ.**


| | | |
|---|---|---|
| ૧. | સુરાખાચરનો આપત્કાળ. | ૪/૨૩૮ |
| ૨. | મહારાજ લોયામાં. | ૪/૨૪૨ |
| ૩. | શાકોત્સવની પરંપરા. | ૪/૨૪૯ |
| ૪. | અઢાર મણ ઘીનો વઘાર. | ૪/૨૫૦-૨૫૧ |
| ૫. | જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી, તે સત્સંગ બહાર જ છે. | ૪/૨૫૧ |
| ૬. | અમને તમારા જેવી રસોઈ બનાવતાં ન આવડે. - સંતો તો આપણું ઘર કહેવાય. | ૪/૨૫૨ |


**૩. રંગીલદાસની ઉપાધિ ટાળી.**


| | | |
|---|---|---|
| ૧. | સ્વામિનારાયણ મંદિરની કાંકરીએ કાંકરી તોડવાનો રંગીલદાસનો સંકલ્પ. | ૫/૨૪૫ |
| ૨. | ગોપાળાનંદ સ્વામીનો સંકલ્પ મુવાળાની પેઠે ક્યાંય ઊડી જશે. | ૫/૨૪૬ |
| ૩. | રંગીલદાસનું રસ્તામાં થયેલું મૃત્યુ - મૈયત શહેરમાં લવાય નહિ - નવાબનો હુકમ. | ૫/૨૪૬ |
| ૪. | જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા માટે મહારાજને પત્ર - પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારી કરતા બ્રહ્માનંદ સ્વામી. | ૫/૨૪૮ |


**૪. હિમરાજ શાહ અને પરિવારની સ્વરૂપનિષ્ઠા.**


| | | |
|---|---|---|
| ૧. | આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. | ૪/૪૩૦ |
| ૨. | ધંધુકામાં મહાજને બ્રાહ્મણોની ચોરાસી બંધ કરી. | ૪/૪૩૨ |
| ૩. | સુંદરિયાણામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૮૦ | ૪/૪૩૨ |
| ૪. | મહારાજ પ્રસાદીના વસ્ત્રો હિમરાજ શાહના પરિવારને આપે છે. | ૪/૪૩૩ |
| ૫. | આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે. | ૪/૪૩૪ |
| ૬. | આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળા ધારણ કરવાથી સિદ્ધ થતો નથી. | ૪/૪૩૫ |


**(વિભાગ : ૩ - નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. ચાલો પ્રાપ્ત કરીએ ગુણાતીત દીક્ષા : (૧)** મૂળજી શર્માને શ્રીજીમહારાજે દીક્ષા આપી - ૧૮ દિવસનો યજ્ઞ કરીને પોતાના લાડીલા ભક્તને પૂર્ણાહૂતિ સમયે દીક્ષા - ભવ્ય સમારોહ - ભવ્ય મહોત્સવ ડભાણમાં થયો. **(૨)** મૂળજી ભક્તને દીક્ષા આપીને નામ ધરાવ્યું 'નિર્ગુણાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી' - નિર્ગુણ ત્રણ ગુણોથી પર ગુણાતીત - જેવું નામ તેવા - તેથી અધિક ગુણો ગુણાતીતાનંદ સ્વામીમાં દૃષ્ટિગોચર - ગુણાતીતાનંદ સ્વામીની (નિજાત્માનં બ્રહ્મરૂપં) એ રગેરગમાં - શિક્ષાપત્રીનો ૧૧૬મો શ્લોક - સ્વામીના સ્વરૂપનો જ આ શ્લોક - સ્વામી આ રીતે વર્ત્યા અને ભક્તોને વર્તાવ્યા (પ્રસંગો) - સ્વામીએ ૨૦૦ જણને બ્રહ્મવિદ્યા ભણાવી એટલે કે ગુણાતીત દીક્ષા આપી (ભક્તો-સંતોના નામ) **(૩)** વચનામૃત લોયા-૭, લોયા-૧૨ મુજબ અક્ષરરૂપ થઈને એટલે કે બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી - પુરુષોત્તમનારાયણની ભક્તિનો અધિકાર પણ બ્રહ્મરૂપ થાય તેને જ - કારણ અક્ષરધામમાં જવા માટે 'અક્ષર'ના સાર્ધમ્યપણાને પામવું આવશ્યક - જો ગુણના ભાવો, સ્વભાવો, દોષો રહી જાય તો અક્ષરધામમાં ન જવાય અથવા ત્યાંથી પાછા આવવું પડે - સ્વભાવ મૂક્યા વગર ગયા તે પાછા પડ્યા. (પ્રસંગો) **(૪)** માટે જ અક્ષરરૂપી એનેસ્થેસીયા લેવું એટલે કે અક્ષરરૂપ જ બનવું - તો તેને દેહભાવ ન આવે, અક્ષરદીક્ષા લઈએ તો ભક્તિમાર્ગે વિક્ષેપ ન આવે - 'હું દેહ નહિ આત્મા છું' એવી સમજણ કેળવવી તે ગુણાતીત દીક્ષા - ગુણાતીત દીક્ષા એટલે 'અક્ષર'ની ડીગ્રી પ્રાપ્ત કરવી - ગુણાતીત દીક્ષા લઈએ તો ગુણાતીત જેવા થવાય - વિઘ્ન ન આવે - ભગવાન અને સંતનો મહિમા સમજાય - આપણું બખ્તર એવું ઘડાય કે ટોચો ન લાગે - માન-અપમાનમાં સમતા રહે. **(૫)** ગુણાતીત દીક્ષા પ્રાપ્ત કરવાથી ખૂબ લાભ થાય - ગુણાતીતરૂપી ચાદર ઓઢી લેવી - આ એવું આવરણ છે કે જેનાથી બહારનાં આવરણોથી રક્ષા થાય તેમજ આંતરિક વિક્ષેપો દોષોથી રક્ષા - ગુણાતીત સંગે જેનું બખ્તર ઘડાયું, જેણે ગુણાતીત દીક્ષા લીધી તે ક્યાંય પાછા પડ્યા નથી. (પ્રાગજી ભક્ત, જાગાસ્વામી) વગેરેના પ્રસંગો. **(૬)** વર્તમાનકાળે પ્રગટ ગુણાતીત સંત (પ્રમુખસ્વામીની)ની પાસે ગુણાતીત દીક્ષા લીધી હોય એવા સંતો - ભક્તો પણ સ્વામીશ્રીમય થઈ ગયા છે. (વર્તમાનકાળે ભક્તોના પ્રસંગો) ચાલો આપણે પણ ગુણાતીત દીક્ષા દ્વિશતાબ્દીએ ગુણાતીત દીક્ષા પ્રાપ્ત કરી ગુણાતીતરૂપ થઈ અક્ષરધામના અધિકારી બનીએ. - ઉપસંહાર.

**૨. પ્રાર્થના : આપણું ભૂલાતું જતું પ્રાચીન સત્ત્વ :** સૌ પ્રથમ પ્રાર્થનાનો નાદ ૧૦,૦૦૦ વર્ષ પહેલાં હિમાલયની ગોદમાં - લેખિકા એચ.પી.બ્લેવેટ્સ્કીના પ્રમાણો - ઋગવેદની સ્તુતિઓ અને પ્રાર્થના વાંચી રોમાંચિત થયેલા જર્મન વિદ્વાન ફ્રેડ્રિકમેક્સ મૂલર - હિમાલયથી કન્યાકુમારી સુધી પ્રાર્થનાનો અંતરનાદ - અઢાર મહાપુરાણોનો સંચય - હકીકતે પ્રાર્થનાનો મહાસંચય - ગજેન્દ્રની પ્રાર્થના, રાજા રંતિદેવની પ્રાર્થના, - પ્રાર્થનાઓની વિરાટ યાદી પર સંશોધન - સ્વામિનારાયણની બે વરદાનરૂપે કરેલી યાચના સકલ પ્રાર્થનામાં ચરમસીમાએ - પ્રાર્થનાઓ ભારતની નવી ઓળખ - આધુનિકતાને નામે કોરે મૂકાતી પ્રાર્થના - પશ્ચિમના દેશોમાં પ્રાર્થનાને વિજ્ઞાન સાથે સાંકળવાનો જબરજસ્ત પ્રયાસ - એકમાત્ર પ્રાર્થનાથી અસાધ્ય રોગોથી પીડાતા રોગીઓના રોગનું નિવારણ - અમેરિકાની ૧૨૫ જેટલી મેડિકલ કોલેજોમાંથી ૮૪ કોલેજોએ સ્વાસ્થ્ય અને પ્રાર્થના - આધ્યાત્મિકતા વિષયક અભ્યાસક્રમો દાખલ કર્યા - અમેરિકામાં ધાર્મિક સંસ્થાઓ દ્વારા હોસ્પિટલોમાં પ્રાર્થના કરવાની મોટા પાયે પ્રવૃત્તિઓ - ભારતમાં મીરાંબાઈ ઝેર પચાવી ગયા - યોગીજી મહારાજને ઝેરી નાગનું ઝેર ઉતર્યું. પ્રાર્થના એટલે સર્વોપરિ પરમાત્મા સમક્ષ માણસે વ્યક્ત કરેલી ઈચ્છાઓ - આઈન્સ્ટાઈન પ્રાર્થનાનો સરળ અર્થ આશ્રય, શરણાગતિ - 'દુઃખ આવે ત્યારે ભગવાનને વળગી પડવું' પ્રમુખસ્વામી. સંતાનોને ઉત્તમમાં ઉત્તમ સુખ, શાંતિ ભેટ એટલે પ્રાર્થનાની ભેટ - અમેરિકન લેખક માર્ક ટવેઇનની સિફારીશ.

**૩. આદર્શ નેતા પ્રમુખસ્વામી મહારાજ :** (૧) 'નેતા' એટલે સામાન્ય રીતે ગંભીર મુખમુદ્રા - બીજા પર પ્રભાવ પાડનાર વ્યક્તિ નજર સમક્ષ તરવરે. (૨) પરંતુ આદર્શ નેતા વ્યક્તિઓના હૃદય પર શાસન કરે છે. - સ્વામીશ્રી આદર્શ નેતા - લાખો લોકોના હૃદય પર રાજ્ય કરે છે તેનું રહસ્ય શું ? સૌ પ્રેમથી તેમને પોતાના નેતા માને છે - કારણ ? સ્વામીશ્રીમાં તેમના અનુયાયીઓને અપાર શ્રદ્ધા છે. સ્વામીશ્રી જેમ કહે છે તેમ જ બનશે (પ્રસંગો) (૩) આદર્શ નેતા તરીકે સ્વામીશ્રીનું ધ્યેય સ્પષ્ટ છે અને તે જ રીતે વર્તે છે. દરેકના શુભચિંતક છે. પોતે વર્તીને બીજાને વર્તાવે - વર્તન જ એવું કે દરેકને તે પ્રમાણે વર્તવાની સ્વાભાવિકપણે જ ઈચ્છા રહ્યા કરે (પ્રસંગો) (૪) નિયમ-ધર્મમાં સ્વામીશ્રી બાંધછોડ ન કરે - બીજાને પણ પ્રેમથી નિયમ-ધર્મ પાળવા માટે સમજાવે - સરળતા, નિખાલસતા, નિર્દંભ વર્તન - પોતાનો મુદ્દો જ સાચો એવો હઠાગ્રહ નહિ - બધાનો મત - અભિપ્રાય માગે (પ્રસંગો) (૫) ઉદાર દિલ, શિષ્યોની ભૂલોને ક્ષમા આપનારા - ઉદારતામાં જોટો ન જડે (પ્રસંગો) (૬) ગમે તેટલી પ્રવૃત્તિ છતાં નિર્લેપ, સ્વસ્થ, શાંત, સ્થિતપ્રજ્ઞ માન-અપમાનના પ્રસંગે સમતા - (પ્રસંગો) અજાતશત્રુતા (૭) અંતમાં આદર્શ નેતા સમર્પિત હોય, સ્વામીશ્રીનું સમર્પણ ત્યાગ, બેમિસાલ, અનુપમ - હરિભક્તોને રાજી રાખવા દેહને ઘસી નાખ્યો - આમ જે સમર્પણ કરે તેને લોકો સમર્પિત થઈ જાય છે - નેતા આદર્શ હોય તો જ અનુયાયીઓ તેને સમર્પિત થઈ જાય - પ્રસંગો - ઉપસંહાર.

❑ ❑ ❑